મેઇલ માધ્યમે

અગત્યનું - તાત્કાલિક

ક્રમાંક:મઉમશબ/માધ્યમિક/પરીક્ષા-2022/37

ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,

સેકટર-10/બી, સચિવાલય પાસે,

ગાંધીનગર.

તા:-14/02/2022

પ્રતિ,

જિલ્લાશિક્ષણાધિકારીશ્રી,

જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી,

તમામ, ગુજરાત રાજ્ય.

વિષય:-માર્ચ-2022ના ધો.10ના આવેદનપત્રોમાં રીપિટર વિદ્યાર્થીઓની માહિતીમાં ખોટી મુક્તિ દર્શાવવા બાબત.

સંદર્ભ:-અત્રેની કચેરીના પત્રક્રમાંક:-મઉમશબ/માધ્યમિક/2021/36 તા:-11/02/2022ના પત્ર અન્વયે

માનનીયશ્રી,

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સાથે નોંધાયેલ માધ્યમિક શાળાઓના સંચાલકશ્રીઓ, આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વહીવટી કર્મચારીઓને જણાવવામાં આવે છે કે, ધોરણ-10ના વર્ષ-2022ના ઓનલાઇન આવેદનપત્રો ભરવાની સૂચનાઓ તા. 20-11-2021ના પરિપત્રથી આપવામાં આવેલ હતી. માર્ચ-2022ની ધોરણ - 10ની પરીક્ષાથી ગણિત વિષયમાં સ્ટાર્ડન્ડ અને બેઝિક ગણિત પસંદ કરવું અને ઓનલાઇનમાં એ વિષયના અલગ કોડ જેવા કે 12 અને 18 ના ફિલ્ડ મુક્વામાં આવેલ હતા. વિદ્યાર્થીના ઓનલાઇન આવેદનપત્ર ભરતાં પહેલા બે ગણિતમાંથી વિદ્યાર્થી જે ગણિત રાખવા માંગતો હોય તો તેની પસંદગી પ્રમાણે ઓનલાઇન આવેદન પત્રમાં દર્શાવવાનું જણાવવામાં આવેલ.

માર્ચ - 2022 ના ધોરણ - 10 ના ઓનલાઇન આવેદનપત્રો ના ડેટા ચકાસતાં વર્ષ - 2022 પહેલાના વિદ્યાર્થીઓએ ગણિત (12) વિષય લઇને ઉપસ્થિત રહ્યાં હોય અને ઉત્તિર્ણ થયા હોય તેવા ઉમેદવારોના ઓનલાઇન આવેદનપત્રમાં ગણિત (12) માં Examption દર્શાવવાનું હોય પરંતુ કેટલીક શાળાઓએ બેઝિક ગણિત (18) માં Examption દર્શાવેલ છે. અત્રેની માધ્યમિક શાખાના તા:-11/02/2022ના પત્રથી રિપિટર વિદ્યાર્થીઓના ગણિત વિષયમાં Examption દર્શાવવામાં કરેલ ભૂલ સબબ તમામ આધાર પુરાવાઓ લઇને તા. 18/02/2022 સુધી રૂબરૂ બોલાવવામાં આવેલ પરંતુ હાલમાં શાળા કક્ષાએ સત્રાંત પરીક્ષાઓ ચાલતી હોવાથી આવા વિદ્યાર્થીઓના કિસ્સામાં શાળાઓએ રિપિટર વિદ્યાથીઓના અગાઉના ગુણપત્રક ચકાસી શાળાના લેટરહેડ અને ઓનલાઇન આવેદન પત્રની પ્રિન્ટ પર ગણિત વિષયમાં જ્યાં સુધારવાનું છે ત્યાં લાલ શાહી વાળી પેનથી સુધારો કરી અત્રેની કચેરીના મેઇલ એડ્રેસ ssc10exam2022@gmail.com પર મોકલી આપવાના રહેશે.

D:\A P\2022\SSC\CHAUDHARY SIR\DEO .DOCX

Scanned By CamNScan

વધુમાં કોઇ નિયમિત ઉમેદવારને બેઝિક ગણિત કે સ્ટાર્ડન્ડ ગણિત દર્શાવવામાં કે પસંદગી કરવામાં ભૂલ થયેલ હોય તો ઓનલાઇન આવેદનપત્રની નકલ ચકાસીને જો સુધારો કરવાપાત્ર હોય તો આવેદનપત્રની પ્રિન્ટ પર લાલ પેનથી સુધારો કરી લેટરહેડ સાથે આવેદનપત્રની નકલ સહી-સિક્કા કરીને અત્રેની કચેરીના મેઇલ એડ્રેસ ssc10exam2022@gmail.com પર દિન-02 માં મોકલી આપવાનું રહેશે.

બંને કામ અર્થે રૂબરૂ આવવાની જરૂર નથી. આ બાબતની જાણ આપશ્રીના તાબાની તમામ માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓને કરવા વિનંતી.

પરીક્ષા સચિવ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર

પરિપત્ર :- 34

ક્રમાંક:પરક્ષ/ધો.૧૦/રીપીટર/આવેદનપત્ર/૨૦૨૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી તા.૦૯/૦૨/૨૦૨૨

ઉપરોકત પરીપત્રની જાણ તથા અમલ કરવા સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક શાળા તમામ,
જિ.અમરેલી.



Scanned By CamNScan